શ્રી ગ્રેટર મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ
Shri Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh
સંચાલિત
શ્રી માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ
MATUSHRI MANIBEN MANSHI BHIMSHI CHHADVA DHARMIK SHIKSHAN BOARD

Website : jainshikshan.org E-mail : jainshikshanboard@gmail.com

**૧૧ ઓગષ્ટ ૨૦૧૯ - પ્રશ્ન પેપર - ગુણ - ૧૦૦ સમય: ૨ થી ૫**

# સર્ટીફીકેટ કોર્સ શ્રેણી – ૨૨

**પ્ર. ૧. સામા. પ્રતિ., આવશ્યકસૂત્રના આધારે જવાબ લખો. (૧૫)**

૧. નીચેના શબ્દોના અર્થ લખીને, ક્યા પાઠના છે તે લખો. (૫)
મિચ્છા દંસણ સલ્લેણં, કસાયાણં, મત્થએણં વંદામિ, ખમંતુ, ઇહં.

૨. અનુયોગદ્વાર સૂત્રમાં આવશ્યકના કેટલા નામ કહ્યા છે ? ક્યા ક્યા ? (૨)

૩. નીચેના વાક્યો ક્યા અતિચાર મોટે બંધબેસતા છે. એ અતિચાર લખો (૩)
   ૧. નંદ મણિયારે પૌષધમાં પાણીની વાવ બંધાવવાનો વિચાર કર્યો.
   ૨. સામાયિકમાં બેઠેલા સરલાબેને વહુને હાથનો ઈશારો કરીને પંખો ચાલુ કરાવ્યો.
   ૩. મને તો જમવામાં કેરીના અથાણા વગર ચાલે જ નહિ.

૪. એક શબ્દમાં જવાબ લખો. (૩)
   ૧. ચઉવિસંથાનું બીજું નામ શું છે ?
   ૨. આહારની આસક્તિનો ત્યાગ ક્યા આવશ્યકથી થાય છે ?
   ૩. માર્ગ એટલે શું ?
   ૪. ક્રિયાનું સ્વરૂપ પ્રકાર, વિષય વગેરે કોના માટે જાણવું અત્યંત જરૂરી છે ?શેની આરાધનાથી આત્માની વિશુદ્ધિ થાય છે ?
   ૫. આવશ્યક નિયુક્તિ કોણે લખી છે ?

૫. પ્રતિક્રમણ અને વારણા આ બેના અર્થ લખો. (૨)

**પ્ર. ૨ સૂયગડાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. નિયતિ એટલે શું ?
૨. બૌદ્ધો કેટલા સ્કંધને માને છે ? ક્યા ક્યા ?
૩. જીવો દુ:ખી કેમ થાય છે ?
૪. ઉપસર્ગ કોને કહે છે ? તેના કેટલા ભેદ છે ? ક્યા ક્યા ?
૫. તજ્જીવ તત્શરીરવાદ ની માન્યતા શું છે ?

**પ્ર. ૩ ઠાણાંગ સૂત્રના આધારે જવાબ લખો. (૧૦)**

૧. બીજો અને ચોથો ભય અર્થસહિત લખો.
૨. નય એટલે શું ?
૩. દંડનીતિના કેટલા પ્રકાર છે ? ક્યા ક્યા ? માત્ર નામ લખો. અર્થ નહિ
૪. ૨, ૪, ૫, ૬, એ ચાર એકેન્દ્રિય રત્નના નામ અર્થ સાથે લખો.
૫. અર્થ લખો. ૧) એકત:ખહા, ૨) અશ્વરત્ન, ૩) અશ્લોક, ૪) ચકવાલ.

પ્ર. ૪ અ) ભગવતી સૂત્રના આધારે જવાબ લખો. (૧૦)

૧. શિવરાજર્ષિ ક્યાંના રાજા હતા ? તે કેવા હતા ? તેમની રાણી કોણ હતી ? તેમના પુત્રનું નામ શું હતું ?
૨. વિભંગજ્ઞાન કેવી રીતે ઉત્પન્ન થયું ?
૩. ઉપસંહાર લખો
૪. દ્વિપ સમુદ્રો કેટલા છે ? સંસ્થાન વિસ્તાર વગેરે કેવા છે ?
૫. શિવરાજર્ષિ એ પ્રથમ છઠ્ઠના પારણાના દિવસે શેની પૂજા કરી ? કોની આજ્ઞા માંગી ? અગ્નિમાં શેનો હોમ કર્યો ?

બ) જ્ઞાતાધર્મકથાને આધારે જવાબ લખો. એક વાક્યમાં લખો. (૫)

૧. આ અધ્યયનનું તુંબ નામ શા માટે છે ?
૨. કેવા તુંબડા પર શેનો લેપ કરીને મૂકવાનો છે ?
૩. જીવ આઠ પ્રકૃતિઓનો ક્ષય કરીને ક્યાં સ્થિત થાય છે ?
૪. શેનું સેવન જીવને ભારે બનાવે છે.
૫. આ અધ્યયનમાં ક્યા સમયની વાત છે ? કઈ નગરીના ક્યા ઉદ્યાનમાં કોણ પધારે છે ?

પ્ર. ૫ નિરયાવલિકાના આધારે એક વાક્યમાં જવાબ લખો. (૫)

૧. દ્વારકા નગરી કેવી હતી ?
૨. નિષધકુમારના માતા-પિતાનું નામ શું હતું ?
૩. નિષધકુમારનું પૂર્વભવમાં શું નામ હતું ? તેના માતા-પિતા અને નગરનું નામ શું હતું ।
૪. નિષધકુમાર મૃત્યુ પામીને ક્યાં ઉત્પન્ન થયા ? ત્યાં તેમને કેટલી સ્થિતિ મળી ?
૫. આ અધ્યયનના ચારિત્રનાયકના વાહક અને પ્રશ્ન પૂછનાર કોણ છે ?

પ્ર. ૬ શ્રી ઉત્તરાધ્યન સૂત્રના આધારે જવાબ લખો. (૧૫)

અ) નીચેની ગાથાઓ પૂરી કરી ભાવાર્થ લખો. (કોઈપણ ત્રણ) (૯)
૧. સકમ્મસેસેણ ......... પવણ્ણા
૨. અહ ......... લોગો
૩. કેણ ......... હુ મે
૪. ભુત્તા ......... મોણં
૫. સવ્વં ......... તં તવ

બ) નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ લખો. (૫)
૧. આ અધ્યયનમાં કેટલા અને ક્યા ક્યા જીવોની વાત છે ?
૨. આ મનુષ્યજીવન કેવું છે ?
૩. શું ભણી જવા માત્રશ્રી આત્મરક્ષક થઈ શક્તા નથી ?
૪. કર્મબંધના કારણ શું છે ?
૫. કોના દિવસો સફળ છે અને કોના નિષ્ફળ છે ?
૬. પુરોહિતની પત્ની એકલી કેમ રહેવા નથી ઈચ્છતી ?

પ્ર. ૭ પ્રજ્ઞાપના સૂત્રના આધારે જવાબ લખો. (૨૦)

અ) દ્રવ્યેન્દ્રિયના આધારે જવાબ લખો. (૧૦)

૧. દ્રવ્યેન્દ્રિય કોને કહે છે, તે કેટલી છે ? કઈ કઈ ? ક્યા કર્મના ઉદય થી હોય! (૩)

૨. ચકલી, ચાંચડ, ચોળામાં કેટલી અને કઈ કઈ ઈન્દ્રિય હોય ? (૩)

૩. મરચાં, માંકડ, માખી, મંગળના દેવ એ ચારેની સ્વસ્થાન અપેક્ષા ભૂત ભવિષ્ય વર્તમાનની દ્રવ્યેન્દ્રિય લખો. (૪)

બ) ભાવેન્દ્રિયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)

૧. ભાવેન્દ્રિય ક્યા કર્મથી મળે ? તે કેટલી છે ? કઈ કઈ ? (૨)

૨. ૨૪ દંડકની ભૂત-ભવિષ્ય-વર્તમાનની કેટલી ભાવેન્દ્રિય હોય તે લખો. (૩)

૩. એક જીવ અપેક્ષાએ વાલુપ્રભાનો નારકી, વાલોળ, વિજયના દેવ અને વાઘ-એ ચારેની ભૂત ભવિષ્ય વર્તમાનની ઈન્દ્રિય લખો. (૨)

૪. ૧) અનેક વનસ્પતિના જીવો આશ્રી વનસ્પતિમાં કેટલી ભાવેન્દ્રિય હોય કેવી રીતે ? ૨) કરોળિઓ ભવિષ્યમાં ઓછામાં ઓછી કેટલી ઈન્દ્રિયો કરીને મોક્ષ જઈ શકે. ૩) અસંજ્ઞી મનુષ્ય ભવિષ્યમાં પાંચ ભાવેન્દ્રિય કરીને મોક્ષે જઈ શકે કે નહિ ? સમજીવો. (૩)

પ્ર. ૮ નીચેના બોલની માર્ગણા લખો. (૧૦)

૧. અધોલોક ચક્ષુઈન્દ્રિય
૨. અધોલોક બાદર મરવાવાળામાં
૩. ધાતકીખંડમાં ત્રસમાં
૪. મનુષ્ય સમ્યગદષ્ટિ
૫. અધોલોક બાદર
૬. ઔદારિક વચનયોગી
૭. દેવીમાં
૮. અધોલોક મિશ્રદષ્ટિમાં
૯. અધોલોક ત્રસ અભાષક
૧૦. તિર્ચ્છાલોકમાં વચનયોગીમાં.

----- જય જિનેન્દ્ર -----